આ નિયમો અને શરતો (હવે પછી "**નિયમો અને શરતો**" તરીકે સંદર્ભિત કરાશે) એચડીએફસી બેન્ક લિમિટેડ ("**એચડીએફસી બેન્ક**") દ્વારા જારી રેડિયો ફ્રિક્વન્સી આઈડેન્ટિફિકેશન- એનેબલ્ડ ટેગ્સ ("**ફાસ્ટેગ**")ની જોગવાઈને લાગુ થશે અને નિયમન કરશે. આ નિયમો અને શરતો સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા નિર્ધારિત અનુસાર કોઈ પણ અન્ય શરતો ઉપરાંત અને અનાદરમાં નહીં તે રીતે લાગુ થશે.

1. વ્યાખ્યા

આ નિયમો અને શરતોમાં સિવાય કે વિષય અથવા તેના પરિપ્રેક્ષ્યને કશું પણ અસંગત હોય તે સિવાય નિમ્નલિખિત શબ્દો/ અભિવ્યક્તિઓનો અહીં નીચે આપ્યા મુજબ અર્થ રહેશે:

"**એપ્લિકેશન**" અથવા "**ટેગ એપ્લિકેશન**"નો અર્થ સર્વ બીડાણો અને તેને સંબંધિત મેન્ડેટ્સ સહિત એચડીએફસી બેન્ક પાસેથી ટેપ ઉપલબ્ધ કરવા ટેગ મેમ્બર દ્વારા સહી કરેલું અરજી ફોર્મ એવો રહેશે;

"**કન્સેશનરેર્સ**"નો અર્થ વિશેષ હેતુનો વાહનો છે, જેમને નેશનલ હાઈવે ખાતે ટોલ નિર્માણ, જાળવણી અને વસૂલ કરવા નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા રાહતો આપવામાં આવી છે અને જેમણે ટેગ્સ થકી આવા ટોલ સંબંધમાં પેમેન્ટ પ્રાપ્ત કરવાની સંમતિ આપી છે ;

"**કસ્ટમર કેર**"નો અર્થ કોઈ પણ ટેગ સંબંધી પૂછપરછ માટે ટેગ મેમ્બરોને એચડીએફસી બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવેલી ટોલ- ફ્રી ટેલિફોનિક કસ્ટમર સર્વિસ સુવિધા એવો થાય છે ;

"**ઈટીસી સુવિધા**"નો અર્થ ઈલેક્ટ્રોનિક સુવિધા છે, ટોલની ચુકવણીઓ એચડીએફસી બેન્ક દ્વારા જારી ટેગ્સના માધ્યમ દ્વારા કોઈ પણ સહભાગી ટોલ પ્લાઝા ખાતે કોઈ પણ ટેગ મેમ્બર દ્વારા અસરકારક બની શકે છે ;

"**એચડીએફસી બેન્ક વેબસાઈટ**"નો સંદર્ભ www.HDFCbank.com,નો છે, એચડીએફસી બેન્કની માલિકી, સંચાલન અને જાળવણી કરાય છે;

"**નેશનલ હાઈવેઝ**"નો અર્થ સર્વ નેશનલ હાઈવેઝ એવો થાય છે, જ્યાં ટોલ ચુકવણી ઈટીસી સુવિધાના માધ્યમથી અમલી કરાઈ શકે છે;

"**ટેગ**"નો સંદર્ભ એચડીએફસી બેન્ક દ્વારા જારી ફાસ્ટેગ છે, જે સેમી- ક્લોઝ્ડ પ્રીપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ તરીકે કામ કરે છે, જ્યાં બેલેન્સ રકમો સમયાંતરે ટેગ મેમ્બર દ્વારા આવા ઈન્સ્ટ્રુમેન્ટમાં લોડ/ રિલોડ કરાશે;

"**ટેગ બેલેન્સ**"નો અર્થ સમયાંતરે ટેગ મેમ્બર દ્વારા ટેગ પર લોડેડ/ રિલોડેડ બેલેન્સ એવો થાય છે;

"**ટેગ મેમ્બર/રો**"નો અર્થ વ્યક્તિઓ છે, જેની વિગતો ટેગ એપ્લિકેશનમાં આપવામાં આવી છે, જેમને આ નિયમો અને શરતોને આધીન આવી વ્યક્તિઓની માલિકીનાં વાહનો સંબંધમાં એચડીએફસી બેન્ક દ્વારા ટેગ્સ જારી કરાયાં છે;

"**ટોલ પ્લાઝા**"નો અર્થ નેશનલ હાઈવેના ઉપયોગ માટે ટોલની ચુકવણી માટે નેશનલ હાઈવે પર સ્થિત આવા પ્લાઝા એવો થાય છે;

"**લેણદેણ**"નો અર્થ આ નિયમો અને શરતોમાં આપ્યા મુજબ ટોલ શુલ્કની ચુકવણી, પાર્કિંગ ફીની ચુકવી, ફ્યુઅલ શુલ્ક અને ટેગનો ઉપયોગ કરતા માટે કોઈ અન્ય લેણદેણ/ણોની ચુકવણી માટે કોઈ પણ લેણદેણ એવો થાય છે.

2. અર્થઘટન

આ નિયમો અને શરતોમાં સિવાય કે અન્ય પરિપ્રેક્ષ્યમાં આવશ્યક હોય:

(a) એકવચનમાં બહુવચન અને તેથી વિપરીત અર્થનો સમાવેશ થાય છે અને કોઈ પણ લિંગના શબ્દોમાં અન્ય લિંગોનો સમાવેશ છે એવું ધારવામાં આવશે;

(b) પરિભાષા "અહીં","અહીં અંદર","અહીં અત્રે","અહીં આપ્યા મુજબ" અને ડેરિવેટિવ્ઝ અથવા નાના શબ્દો આ નિયમો અને શરતોને સંદર્ભિત કરે છે;

(c) "સમાવિષ્ટ" અથવા "સહિત" શબ્દોનો સંદર્ભ મર્યાદાઓ વિના ઉપાર્જિત થશે;

(d) કોઈ પણ ફકરો અથવા સમયસૂચિનો અર્થ આ નિયમો અને શરતોનો ફકરો અથવા સમયસૂચિ રહેશે;

(e) કોઈ પણ ધારા, કાયદો, પરિપત્રક અથવા નિયમન અથવા તેમાંની કોઈ પણ જોગવાઈના સંદર્ભમાં સુધારિત, પૂરક અથવા પુનઃઘડતર, સમયાંતરે અહીં આપેલી તારીખ પછી, જેમ હોય તેમ, આવી કોઈ પણ ધારા, કાયદો, પરિપત્રક અથવા નિયમનના સંદર્ભનો સમાવેશ રહેશે અને કાનૂની જોગવાઈનો કોઈ પણ સંદર્ભ તે જોગવાઈ હેઠળ સમયાંતરે કરવામાં આવેલા કોઈ પણ ગૌણ ધારાનો સમાવેશ રહેશે;

(f) પરિભાષા "વ્યક્તિ"માં વ્યક્તિગત, ભાગીદારી કંપની, લિમિટેડ લાયેબિલિટી ભાગીદારી, કંપની (કંપની ધારા 2013ની કલમ 2 (20)માં વ્યાખ્યા અનુસાર), બોડી કોર્પોરેટ (કંપની ધારા 2013ની કલમ 2 (11)માં વ્યાખ્યા અનુસાર, કો-ઓપરેટિવ સોસાયટી, ટ્રસ્ટ, રચિત અથવા નહીં તેવા વ્યક્તિઓનું સંગઠન અને કોઈ પણ અન્ય સંસ્થાનો સમાવેશ થાય છે;

(g) ટેગ એપ્લિકેશન આ નિયમો અને શરતોનો આંતરિક ભાગ રચશે એવું ગણવામાં આવશે;

(h) મથાળા અને બોલ્ડ ટાઈપફેસ સુવિધા માટે જ ઉપયોગ કરાયા છે અને આ નિયમો અને શરતોના અર્થઘટનને તેનાથી કોઈ અસર નહીં થાય.

3. ટેગ જારી અને સક્રિયતા

3.1 એચડીએફસી બેન્ક, તેની એકમેવ મરજીથી, ટેગ એપ્લિકેશન સંપૂર્ણ ભરીને સુપરત કરીને આવા ટેગ મેમ્બર દ્વારા કરવામાં આવેલી વિનંતી પર અને તેની 'નો- યોર- કસ્ટમર' સંબંધી તપાસો હાથ ધરવા માટે એચડીએફસી બેન્કને આવશ્યક હોઈ શકે તે કોઈ પણ દસ્તાવેજો, કોઈ પણ મર્યાદા વિના, તેના સહિત એચડીએફસી બેન્ક દ્વારા એચડીએફસીને આવશ્યક આવી સર્વ માહિતી અને દસ્તાવેજ પૂરા પાડીને કોઈ પણ ટેગ મેમ્બરને ટેગ જારી કરી શકે છે.

3.2 ટેગ ઉપલબ્ધ કરવા માટે ટેગ એપ્લિકેશન સુપરત કરવા સમયે ટેગ મેમ્બરે વન ટાઈમ જારી ફી ચૂકવવાનું આવશ્યક હોઈ શકે છે. ફીની રકમ www.hdfcbank.com. ઉલ્લેખ કરાશે.

3.3 ટેગ મેમ્બર પહોંચ આપે છે કે કોઈ પણ ટેગ એપ્લિકેશનનો સ્વીકાર અને ટેગ જારી કરવાનું એચડીએફસી બેન્કના એકમેવ વિશેષાધિકાર પર આધાર રાખશે અને આ નિયમો અને શરતોમાં સમાવિષ્ટ કશું પણ કોઈ પણ ટેગ મેમ્બરને ટેગ જારી કરવા માટે એચડીએફસીની ફરજ તરીકે માની નહીં લેવું જોઈએ.

3.4 એચડીએફસી બેન્ક દ્વારા ટેગ મેમ્બરને જારી ટેગ એચડીએફસી બેન્કની એજન્સી / ડીલર દ્વારા અથવા તે/ તેણી ટેગ મેમ્બરે પોતે ટેગ એપ્લિકેશનમાં ટેગ મેમ્બર દ્વારા નિર્દિષ્ટ લાઈસન્સ પ્લેટ નંબર ધરાવતા ટેગ મેમ્બરની માલિકીના વાહન પર ટેગ ફરજિયાત રીતે ચોંટાડવાનો રહેશે.

3.5 નીચે ફકરા 4.5 અનુસાર એચડીએફસી બેન્ક દ્વારા ટેગ સક્રિય નહીં કરાય ત્યાં સુધી અને ટેગ મેમ્બરને જારી દરેક ટેગ માટે વોલેટ નિર્માણ કર્યા સિવાય ટેગ મેમ્બર આવા ટેગ રિલોડ નહીં કરી શકશે અથવા ટેગ મેમ્બર ટેગ પર લોડ કરેલી રકમનો ઉપયોગ નહીં કરી શકશે.

4. ટેગની સક્રિયતા, લોડિંગ અને રિલોડિંગ

4.1 ટેગ મેમ્બર અત્રે સંમતિ અને પહોંચ આપે છે કે જારી કર્યાની તારીખના રોજ ટેગ નિયુક્ત મૂલ્ય નહીં ધરાવશે અને ટેગ મેમ્બરને જારી દરેક ટેગ માટે ટાઈમ વોલેટ નિર્માણ નહીં કરાય ત્યાં સુધી તે અસક્રિય રહેશે.

4.2 યુઝર- આઈડી/ ફાસ્ટેગ કસ્ટમર આઈડી એચડીએફસી બેન્ક દ્વારા ઊપજાવવામાં આવશે ને ટેગ જારી કરા સમયે દરેક ટેગ મેમ્બરને તે પૂરું પાડવામાં આવશે, જેથી આવા ટેગ મેમ્બર એચડીએફસી બેન્કની વેબસાઈટ પર ટેગ લોડ/ રિલોડ કરી શકશે. ટેગ મેમ્બર આવી સર્વ યુઝર આઈડી અને પાસવર્ડ ગોપનીય અને ઉત્તમ સુરક્ષિત રાખશે અને એચડીએફસી બેન્કના કોઈ પણ કર્મચારીઓ અને પ્રતિનિધિઓ સહિત કોઈ પણ અનધિકૃત વ્યક્તિ સામે તે જાહેર નહીં કરશે. જો ટેગ મેમ્બર દ્વારા કોઈ પણ થર્ડ પાર્ટી સામે યુઝર આઈડી અને/ અથવા પાસવર્ડ જાહેર કરવાને પરિણામે ટેગ મેમ્બરને કોઈ પણ નુકસાન થાય તો એચડીએફસી બેન્ક કોઈ પણ રીતે જવાબદાર નહીં રહેશે.

4.3 આવા ટેગ પર મૂલ્ય લોડિંગ/ રિલોડિંગની પ્રક્રિયા નીચે મુજબ રહેશેઃ

(a) ટેગ મેમ્બર તેમની ઓળખની ખરાઈને આધીન અને સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા મુકરર કરાઈ શકે તે કોઈ પણ અન્ય ફરજિયાત આવશ્યકતાઓને આધીન એચડીએફસી બેન્ક (''કિયોસ્ક્સ'') દ્વારા સ્થાપિત કોઈ પણ કસ્ટમર ટચપોઈન્ટ ખાતે ટેગ લોડ/ રિલોડ કરી શકે છે; અને/ અથવા

(b) ટેગ જારી કરવા સમયે એચડીએફસી બેન્ક દ્વારા તેમને પૂરી પાડવામાં આવેલા યુઝર- આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને એચડીએફસી બેન્કની વેબસાઈટમાં તેઓ લોગઈન કરે તે પછી ટેગ મેમ્બરોને ઉપલબ્ધ પેમેન્ટ ગેટવેનો ઉપયોગ કરીને.

(c) એચડીએફસી બેન્કની વેબસાઈટ પર ઉલ્લેખ અનુસાર ફાસ્ટેગ રિચાર્જ કરવા અન્ય ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરીને.

4.4 ઉક્ત આપ્યું છે તેનાથી વિપરીત કશું પણ હોય તો પણ નિમ્નલિખિત નિયમો ઉક્ત ફકરો 4.3ની પરિભાષામાં ટેગના લોડિંગ/ રિલોડિંગ સંબંધમાં લાગુ થશેઃ

(a) ટેગનું લોડિંગ/ રિલોડિંગને એ રીતે મંજૂરી અપાશે કે ટેગ બેલેન્સ લઘુતમ કેવાયસી વોલેટ માટે રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર ફક્ત) અને ફુલ કેવાયસી વોલેટ માટે રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ ફક્ત) અથવા સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા નિર્ધારિત કરી શકાય તે આવી અન્ય રકમ અને આરબીઆઈની નવીનતમ માર્ગદર્શિકા અને નિર્દેશો અનુસાર વધવી નહીં જોઈએ.

(b) કેશ લોડિંગ માસિક રૂ. 50,000/- (રૂપિયા પચાસ હજાર ફક્ત) અને રિલોડ દીઠ રૂ. 5000/- (રૂપિયા પાંચ હજાર ફક્ત) સુધી મર્યાદિત રહેશે, જે ફુલ કેવાયસી વોલેટ માટે રૂ. 2,00,000/-ની એકંદર મર્યાદાને અને લઘુતમ કેવાયસી વોલેટ માટે રૂ. 10,000/-ની એકંદર મર્યાદાને આધીન રહેશે. ઈલેક્ટ્રોનિક/ ઓનલાઈન માધ્યમથી પીપીઆઈના લોડિંગ પર મર્યાદા વોલેટની એકંદર મર્યાદાને આધીન રહેશે.

4.5 ટેગ નિમ્નલિખિતને આધીન સક્રિય કરાશેઃ (i) એચડીએફસી બેન્ક દ્વારા ટેગ એપ્લિકેશનને મંજૂરી; અને (ii) ટેગ સક્રિય કરવા સમયે એચડીએફસી બેન્ક દ્વારા નિર્દિષ્ટ લઘુતમ રકમ માટે ટેગ મેમ્બર દ્વારા સુસંગત ટેગ લોડિંગ (જે રકમ ટેગ પર લોડ કરવાનું આવશ્યક છે તે ઉક્ત ઉલ્લેખિત સિક્યુરિટી ડિપોઝિટ અને વન-ટાઈમ ફી ઉપરાંત રહેશે).

5. ટેગ મેમ્બર દ્વારા ટેગની ઉપયોગિતા

5.1 ટેગ મેમ્બર સંમતિ અને પહોંચ આપે છે કેઃ

(a) ટેગ ફક્ત ભારતમાં લાગુ રહેશે અને ટોલ પ્લાઝા, પાર્કિંગ લોટ, ફ્યુઅલ સ્ટેશન અને અન્ય ટ્રાન્ઝિટ યુઝ્ડ કેસીસ, જ્યાં ફાસ્ટેગ થકી પેમેન્ટ એચડીએફસી બેન્ક અથવા નીચે ફકરા 5.3ની પરિભાષામાં નિયામક પ્રશાસન દ્વારા સક્રિય કરાયું હોય તે સામે રૂપિયામાં આવશ્યક પેમેન્ટ સંબંધમાં જ રહેશે;

(b) ટેગ ટ્રાન્સફર બિલકુલ નહીં કરી શકાશે અને એચડીએફસી બેન્કની એજન્સી/ ડીલર અથવા તે/ તેણી ટેગ મેમ્બર દ્વારા ટેગ ચોંટાડવામાં આવ્યો હોય તે ટેગ મેમ્બરની માલિકીના ઉક્ત ઉલ્લેખિત વાહન સંબંધમાં જ ઉપયોગ કરાશે,

(c) ટેગ મેમ્બર થ્રેસહોલ્ડ ફાસ્ટેગ વોલેટ બેલેન્સમાંથી ઉપલબ્ધ અનુસાર ટેગ બેલેન્સની માત્રામાં જ ટેગનો ઉપયોગ કરી શકશે;

(d) ટેગ એચડીએફસી બેન્કની સંપદા છે અને ટ્રાન્સફર નહીં કરી શકાશે; અને

(e) કોઈ પણ સમયના તબક્કે ટેગ પર ઉપલબ્ધ/ લોડ કરેલી રકમ પર એચડીએફસી બેન્ક દ્વારા કોઈ વ્યાજ ચૂકવવાપાત્ર નહીં રહેશે.

5.2 ટેગની ઉપયોગિતા ટેગ સંબંધમાં સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા પૂરા પાડવામાં આવેલા આ નિયમો અને શરતો અને સર્વ નીતિઓ, માર્ગદર્શિકાઓ અને સૂચનાઓ દ્વારા શાસિત રહેશે.

5.3 ટેગ સહભાગી ટોલ પ્લાઝા ખાતે પૂરી પાડવામાં આવેલી ઈલેક્ટ્રોનિક કલેકશન લેન ખાતે નેશનલ હાઈવે પર સહભાગી ટોલ પ્લાઝા ખાતે ટોલ પેમેન્ટ કરવાના હેતુથ ટેગ મેમ્બર દ્વારા ઉપયોગ કરાઈ શકે છે. સહભાગી ટોલ પ્લાઝાની યાદી એચડીએફસી બેન્કની વેબસાઈટ પર અપલોડ કરાશે અને તેમાં કોઈ પણ ફેરફારના કિસ્સામાં સમયાંતરે અપડેટ કરાશે.

5.4 ટેગ મેમ્બર જ્યારે પણ સહભાગી ટોલ પ્લાઝા, પાર્કિંગ લોટ, ફ્યુઅલ સ્ટેશન અને એચડીએફસી બેન્ક અથવા નિયામક પ્રશાસન દ્વારા સક્રિય અન્ય ટ્રાન્ઝિટ યુઝ્ડ કેસીસ ખાતે ટેગનો ઉપયોગ કરશે ત્યારે આવા ટેગ મેમ્બર એચડીએફસી બેન્કને ટેગ સંબંધમાં ઉપલબ્ધ બેલેન્સ તેટલા પ્રમાણમાં ઘટાડવાની અધિકૃતિ આપે છે. ટેગ મેમ્બર અત્રે ટેગ જેની પર ચોંટાડવામાં આવ્યું હોય તે વાહનના પ્રકારની દ્રષ્ટિએ ઉદભવનાર ટોલની રકમની કોઈ પણ બિનઅચૂક ગણતરી અથવા કોઈ પણ સુમેળ નહીં સધાય તેની *સાથોસાથ* કિસ્સામાં સુસંગત ટેગ બેલેન્સનું સમાયોજન કાપી લેવાના હેતુથી એચડીએફસી બેન્કને તેની સંમતિ પૂરી પાડે છે.

5.5 ટેગ મેમ્બરને ટેગ બેલેન્સથી વધુ વ્યક્તિગત લેણદેણ અથવા શ્રેણીબદ્ધ લેણદેણ કરવા નહીં દેવાશે. ટેગ મેમ્બર પહોંચ અને સંમતિ આપે છે કે જો ટોલ રકમ જ્યાં ચૂકવવાની હોય તે કોઈ પણ સહભાગી ટોલ પ્લાઝા ખાતે કોઈ પણ ઈલેક્ટ્રોનિક કલેકશન લેન થકી ડ્રાઈવ કરવાનો પ્રયાસ કરે જ્યાં ચૂકવવાની ટોલની રકમ ટેગ બેલેન્સથી વધુ હોય તો તે આવું નહીં કરી શકશે.

5.6 જો લેણદેણની રકમ ટેગ બેલેન્સથી વધી જાય, જેનાથી નકારાત્મક ટેગ બેલેન્સ પ્રેરિત થાય તો ટેગ મેમ્બર આવી નકારાત્મક ટેગ બેલેન્સની રકમ માટે એચડીએફસી બેન્કને સંપૂર્ણ ઉત્તરદાયી રહેશે અને માગણી પર એચડીએફસી બેન્કને તેની ચુકવણી કરશે.

5.7 એચડીએફસી બેન્ક કોઈ પણ કારણ આપ્યા વિના, ટેગ પર કોઈ પણ લેણદેણ વિનંતી નકારવાની સંપૂર્ણ મુનસફીનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

5.8 સહભાગી ટોલ પ્લાઝા, પાર્કિંગ લોટ, ફ્યુઅલ સ્ટેશન અને એચડીએફસી બેન્ક અથવા નિયામક પ્રશાસન દ્વારા સક્રિય અન્ય ટ્રાન્ઝિટ યુઝ્ડ કેસીસ ખાતે હાથ ધરાયેલી કોઈ પણ લેણદેણ એવો તારણાત્મક પુરાવો

રહેશે કે આવી લેણદેણ માટે નોંધ કરાયેલા શુલ્ક વાસ્તવમાં ટેગનો ઉપયોગ કરનાર ટેગ મેમ્બર દ્વારા કરાયો છે, સિવાય કે ટેગ ગેરવલ્લે, ચોરી અથવા છેતરપિંડીથી દુરુપયોગ થાય, જે કિસ્સામાં લેણદેણ ટેગ મેમ્બર દ્વારા અમલ કરાઈ નહોતી તે સિદ્ધ કરવાની જવાબદારી આવા ટેગ મેમ્બરની રહેશે.

5.9 ટેગ મેમ્બર સંમતિ આપે છે કે નિમ્નલિખિત કિસ્સામાં ટેગ સમયાંતરે નિયામક દ્વારા સૂચના અપાઈ શકે અથવા એચડીએફસી બેન્ક દ્વારા વ્યવસ્થાપન કરાય તે મુજબ ટેગ બ્લેક લિસ્ટ/ લો બેલેન્સ લિસ્ટ અથવા આવી અન્ય યાદીમાં ઉમેરવામાં આવી શકે છેઃ

(a) જો સરકારી પ્રશાસન (કોઈ પણ મર્યાદા વિના સહિત નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) એચડીએફસી બેન્કને કોઈ પણ કારણસર અથવા એચડીએફસી બેન્ક એવું માને કે તેવું કરવાનું કોઈ પણ કારણ છે, દા.ત. કોઈ પણ ટેગ અથવા તેના ઉપયોગ સંબંધમાં કોઈ પણ અનિયમિતતા જણાય અથવા શંકા હોય તે કિસ્સામાં સુસંગત ટેગ બ્લેકલિસ્ટમાં ઉમેરી શકે છે; અને

(b) જો ટેગ બેલેન્સ સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા નિર્ધારિત થ્રેસહોલ્ડ મર્યાદાની નીચે આવે તો સુસંગત ટેગ લો બેલેન્સ લિસ્ટમાં ઉમેરવામાં આવશે (ટેગ મેમ્બર કમસેકમ તથાકથિત લઘુતમ થ્રેસહોલ્ડની માત્રામાં ટેગ બેલેન્સ રિલોડ નહીં કરે ત્યાં સુધી) અને તે સંબંધમાં ટેગ મેમ્બરને સૂચના મોકલવામાં આવશે.

5.10 જો કોઈ પણ ટેગ મેમ્બરનો ટેગ ઉક્ત ફકરા 5.9ની દ્રષ્ટિએ બ્લેકલિસ્ટ/ લો બેલેન્સ યાદીમાં ઉમેરવામાં આવે તો ટેગ ટોલની ચુકવણી માટે ટેગ ઉપયોગ નહીં કરી શકાશે અને તે અનુસાર આવું ટેગ ધરાવનાર ટેગ મેમ્બરનું વાહન કોઈ પણ સહભાગી ટોલ પ્લાઝા ખાતે કોઈ પણ ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન લેનમાંથી પસાર થવા દેવાશે નહીં. જો કોઈ પણ કારણસર પ્રણાલી નિષ્ફળ જવાને લીધે અથવા અન્યથા આવા ટેગ મેમ્બરનું વાહન સુસંગત ટેગ બ્લેકલિસ્ટ/ લો બેલેન્સ લિસ્ટમાં હોવા છતાં કોઈ પણ સહભાગી ટોલ પ્લાઝા ખાતે ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન લેનમાંથી પસાર થાય તો એચડીએફસી બેન્ક તેને અનુકૂળ લાગી શકે તે અનુસાર આવો દંડ/ પેનલ્ટી ટેગ મેમ્બરને ચૂકવવાનું આવશ્યક બનાવવાનો અધિકાર ધરાવે છે. ટેગ મેમ્બર પણ સંમતિ આપે છે કે જો ટેગ બ્લેક લિસ્ટ/ લો બેલેન્સ લિસ્ટમાં ઉમેરવામાં આવે તો એચડીએફસી બેન્ક આવા ટેગના માધ્યમથી અમલી કોઈ પણ લેણદેણ માટે કોઈ પણ રીતે ઉત્તરદાયી નહીં રહેશે.

6. ગેરવલ્લે અથવા ચોરાયેલા ટેગ

6.1 જો ટેગ ગેરવલ્લે થાય અથવા ચોરી થાય તો ટેગ મેમ્બરે તુરંત આવા ગેરવલ્લે/ ચોરી અંગે www.hdfcbank.com/fastag.com પર ઉલ્લેખિત કસ્ટમર કેરને ટેલિફોન પર જાણકારી આપવાની રહેશે અને/ અથવા પૂછપરછ કરવી જોઈએ. આવી કોઈ પણ જાણકારી પ્રાપ્ત થવા પર બેન્ક કામકાજના દિવસે કામકાજના કલાકો દરમિયાન, ટેગ મેમ્બરની પૂરતી ખરાઈ કરવા પર ટેગ હોટલિસ્ટ/ રદ/ મોકૂફ/ બ્લોક કરશે અને તે સંબંધમાં સર્વ સુવિધાઓ સમાપ્ત કરશે અને આ સંબંધમાં ટેગ મેમ્બરને ભોગવવી પડનારી કોઈ પણ અસુવિધા માટે ઉત્તરદાયી રહેશે. ટેગ મેમ્બર ટેગ પર ઉદભવનાર સર્વ શુલ્ક માટે ત્યાં સુધી ઉત્તરદાયી રહેશે જ્યાં સુધી ટેગ ગેરવલ્લે/ ચોરી થયાની જાણકારી નહીં આપશે. ઉપરાંત એચડીએફસી બેન્ક જો ઉક્ત ઉલ્લેખિત પગલાંનું પાલન કરાયું નથી એવું નક્કી કરે તો ટેગ ગેરવલ્લે કે ચોરી થવા સંબંધમાં નાણાકીય ઉત્તરદાયિત્વ સંપૂર્ણપણે ટેગ મેમ્બર પર રહેશે. જો ટેગ પર કરવામાં આવેલી લેણદેણ/ણોની જાણકારી આપવા સમયે કોઈ પણ વિખવાદ હોય અથવા ટેગના કોઈ પણ ગેરવલ્લે/ ચોરી થવા સંબંધમાં કોઈ પણ અન્ય મામલો હોય તે કિસ્સામાં એચડીએફસી બેન્કનો નિર્ણય આખરી રહેશે.

6.2 ટેગ મેમ્બર અત્રે જાહેર કરે છે કે જો ટેગ ગેરવલ્લે કે ચોરી થયાની જાણકારી આપે અને જો ત્યાર પછી તે મળી આવે તો આવું ટેગ તુરંત એચડીએફસી બેન્કને પરત કરવાની જવાબદારી ટેગ મેમ્બરની રહેશે. આ જ રીતે ટેગને હાનિ થાય તો એચડીએફસી બેન્કની એકમેવ મરજી અનુસાર નવું ટેગ જારી કરી શકાય તે

માટે હાનિગ્રસ્ત ટેગ એચડીએફસી બેન્કને પરત કરવાની ટેગ મેમ્બરની જવાબદારી રહેશે.

7. ટેગ સુપરત/ ફેરબદલી

7.1 ટેગ મેમ્બર સંમતિ અને પહોંચ આપે છે કે એચડીએફસી બેન્ક (કોઈ પણ અધિકૃત વ્યક્તિ અથવા અન્યથા થકી) આવા ટેગના વેલિડિટી સમયગાળાની સમાપ્તિ પૂર્વે સમયે સહિત કોઈ પણ સમયે કોઈ પણ ટેગ સુપરત કરવાની માગણી કરવા હકદાર છે. ટેગ મેમ્બર આવી માગણી કરવામાં આવે તો આ સંબંધમાં એચડીએફસી બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવેલી સૂચનાઓ અનુસાર સુસંગત ટેગ સુપરત કરશે. ટેગ મેમ્બર તેના દ્વારા ઈટીસી સુવિધાની આવશ્યકતા નહીં હોય અથવા જો ઈટીસી સુવિધાની જોગવાઈ કોઈ પણ કારણસર એચડીએફસી બેન્ક દ્વારા તેની એકમેવ મરજીથી પાછી ખેંચી લેવામાં આવે તો રજ કરવા માટે એચડીએફસી બેન્કને ટેગ પરત કરી દેવા માટે જવાબદાર રહેશે.

7.2 જો ટેગ મેમ્બરનું મૃત્યુ થાય તો એચડીએફસી બેન્ક તેની માહિતી આપવા પર ટેગ રદ કરશે.

8. વેલિડિટી અને સમાપ્તિ

8.1 નીચે મુજબ ફકરો **એરર! રેફરન્સ સોર્સ નોટ ફાઉન્ડ**ને આધીન ટેગ જારી કર્યાની તારીખથી 5 (પાંચ) વર્ષના સમયગાળા સુધી લાગુ રહેશે.

8.2 પ્રીપેઈડ સાધનો પર આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર જો ફાસ્ટેગ વોલેટની કેવાયસી સ્થિતિ જારી કર્યાની તારીખથી 24 મહિનામાં કુલ કેવાયસી માટે અપડેટ નહીં કરાય તો લઘુતમ કેવાયસી વોલેટને ક્રેડિટ ફ્રીઝ તરીકે નિશાન કરાશે અને અસક્રિય કરાશે. અહીં સમાવિષ્ટ કશું પણ હોય તેનાથી વિપરીત એચડીએફસી બેન્ક કોઈ પણ ટેગ તેની એકમેવ મરજીથી ટેગ મેમ્બરને સૂચના આપીને અથવા આપ્યા વિના કોઈ પણ સમયે ટેગ સમાપ્ત/ નિષ્ક્રિય કરી શકે છે.

8.3 કોઈ પણ ટેગ સમાપ્ત કરવા પર ટેગ સંબંધમાં કોઈ પણ નકારાત્મક બેલેન્સ (જો કોઈ હોય તો) અને ટેગ સંબંધમાં લેણી કોઈ અન્ય રકમ લેણી બની જશે અને ટેગ મેમ્બર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે અને આ રીતે નિષ્ક્રિય કર્યાની તારીખથી આવાં નાણાંની વાસ્તવિક ચુકવણી કરાય ત્યાં સુધી સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા નિર્ધારિત કરાઈ શકે તે મુજબ આવા દરે વ્યાજ ઉપાર્જિત થશે.

8.4 ટેગ મેમ્બર વિનંતી કરવામાં આવતાં એચડીએફસી બેન્કને અથવા તેના પ્રતિનિધિને ટેગ સુપરત કરવાની સંમતિ આપે છે અને આવું ટેગ સમાપ્ત કર્યા પછી ટેગનો ઉપયોગ નહીં કરશે અથવા ઉપયોગ કરવાનો પ્રયાસ નહીં કરશે.

8.5 ટેગ મેમ્બર કોઈ પણ સમયે એચડીએફસી બેન્કની કોઈ પણ શાખા અથવા કોઈ પણ કિયોસ્કની મુલાકાત લઈને અને આ સંબંધમાં એચડીએફસી બેન્કની નીતિઓ અને માર્ગદર્શિકાઓની રેખામાં આવશ્યક અનુસાર આવું દસ્તાવેજીકરણ સુપરત કરીને ટેગ નિષ્ક્રિય કરવા માટે વિનંતી કરી શકે છે. ટેગ મેમ્બરે અધિકૃત એચડીએફસી બેન્કના કર્મચારીને મોજૂદ ટેગ પરત કરવાનું આવશ્યક રહેશે. ત્યાર પછી ટેગ બેલેન્સ (જો કોઈ હોય તો) ટેગ મેમ્બર દ્વારા નિષ્ક્રિય કરવા માટે કરાયેલી વિનંતીની તારીખથી 15 (પંદર) દિવસમાં તેના બેન્ક અકાઉન્ટ (જેની વિગતો ટેગ એપ્લિકેશનમાં ટેગ મેમ્બર દ્વારા પૂડી પાડવામાં આવી હોય છે)માં તે જમા કરીને ટેગ મેમ્બરને પરત કરાશે.

8(a) રિફંડ અને ક્લોઝર

ટેગ મેમ્બર એચડીએફસી બેન્ક અકાઉન્ટ ધરાવતા હોય તો ટેગ ક્લોઝર વિનંતીની પ્રાપ્તિઓ કથિત અકાઉન્ટમાં પ્રક્રિયા કરાશે. ટેગ મેમ્બર પાસે એચડીએફસી બેન્કમાં આવશ્યક અકાઉન્ટ ખોલાવવામાં નહીં આવ્યું હોય તેવી સ્થિતિમાં તે રકમ ડિમાન્ડ ડ્રાફ્ક (ડીડી) થકી પ્રક્રિયા કરાશે અને એચડીએફસી બેન્કના નોંધણીકૃત સરનામે અથવા ક્લોઝર વિનંતી ઉપસ્થિત કરવા સમયે પૂરી પાડવામાં આવેલી અકાઉન્ટની વિગતોમાં એનઈએફટી દ્વારા મોકલવામાં આવશે.

9. નિવેદન અને નોંધ

9.1 ટેગ/ લેણદેણ સંબંધમાં એચડીએફસી બેન્ક દ્વારા જાળવવામાં આવતી સર્વ નોંધ, ઈલેક્ટ્રોનિક અથવા દસ્તાવેજી સ્વરૂપમાં (મર્યાદા વિના આ નિયમો અને શરતો અનુસાર કરાયેલી અથવા પ્રાપ્ત ચુકવણીઓની વિગતો સહિત) ટેગ મેમ્બરની સામે નક્કર પુરાવો તરીકે ધારવામાં આવશે.

9.2 એચડીએફસી બેન્ક કોઈ પણ લેણદેણ સંબંધમાં કોઈ પણ ટેગ મેમ્બરને લેણદેણ રસીદની નકલો પૂરી પાડવા માટે ઉત્તરદાયી નહીં રહેશે અને ટેગ મેમ્બરને એચડીએફસી બેન્ક પાસે ટેગ મેમ્બર દ્વારા નોંધણી કરેલા મોબાઈલ નંબર પર જ શોર્ટ મેસેજ સર્વિસ મેસેજ થકી લેણદેણ એલર્ટસ પ્રાપ્ત થશે.

10. ઈન્ડેમ્નિટી

10.1 એચડીએફસી બેન્ક દ્વારા ટેગ મેમ્બરને ટેગ પૂરું પાડવામાં આવે તે ધ્યાનમાં લેતાં ટેગ મેમ્બર અત્રે નિમ્નલિખિત કારણસર અથવા તેમાંથી ઉદભવનાર પરિણામ અનુસાર એચડીએફસી બેન્ક અને તેના અધિકારીઓ, ડાયરેક્ટરો, કર્મચારીઓ, શેરહોલ્ડરો, એજન્ટો, કન્સલ્ટન્ટો અને અન્ય પ્રતિનિધિઓને કોઈ પણ સમયે ઉદભવનાર, થનાર, ભોગવનાર અથવા ઉદભવનાર, ભોગવનાર અથવા ઉદભવનાર કોઈ પણ પ્રકારનાં સર્વ પગલાં, દાવા, સૂટ્સ, માગણીઓ, કાર્યવાહીઓ, નુકસાન, હાનિઓ, અંગત ઈજાઓ, ખર્ચ, શુલ્ક અને કિંમતથી અને સામે એચડીએફસી બેન્ક અને તેના અધિકારીઓ, ડાયરેક્ટરો, કર્મચારીઓ, શેરહોલ્ડરો, એજન્ટો, કન્સલ્ટન્ટો અને અન્ય પ્રતિનિધિઓને ક્ષતિરહિત રાખવા માટે અત્રે સંમતિ આપે છેઃ (a) ટેગ મેમ્બરને એચડીએફસી બેન્ક દ્વારા ઈટીસી સુવિધાની જોગવાઈ; (b) કોઈ પણ ટેગ મેમ્બરની બેદરકારી, ભૂલ અથવા ગેરવર્તન; (c) આ નિયમો અને શરતો અથવા ઈટીસી સુવિધા સંબંધમાં લાગુ કોઈ પણ કાયદાનું ટેગ મેમ્બર દ્વારા ઉલ્લંઘન અથવા પાલન નહીં કરવું; (d) ટેગ, ઈટીસી સુવિધા અને/ અથવા કોઈ પણ લેણદેણ જારી/ ઉપયોગ સંબંધમાં અથવા તેની સાથે જોડાણમાં એચડીએફસી બેન્ક સામે કોઈ પણ થર્ડ પાર્ટી દ્વારા કરવામાં અથવા કાર્યવાહી કરાયેલા કોઈ પણ દાવા; અને/ અથવા (e) ટેગ મેમ્બર દ્વારા કોઈ પણ લેણદેણ સંબંધમાં છેતરપિંડી અથવા બેઈમાની.

11. ઉત્તરદાયિત્વના અપવાદ

આ નિયમો અને શરતોની કોઈ પણ અન્ય જોગવાઈઓના પૂર્વગ્રહ વિના એચડીએફસી બેન્ક ઈટીસી સુવિધા અને/ અથવા આ નિયમો અને શરતો સંબંધમાં નિમ્નલિખિતમાંથી ઉદભવનાર કોઈ પણ નુકસાન અથવા હાનિ સહિત પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ, ગમે તે અથવા કોઈ પણ રીતે પેદા થનાર અથવા ઉદભવનાર કોઈ પણ નુકસાન કે હાનિ માટે ટેગ મેમ્બરને ઉત્તરદાયી નહીં રહેશેઃ (a) સુસંગત સહભાગી ટોલ પ્લાઝા સંબંધમાં કોઈ પણ ખામી અથવા સમસ્યાઓ; (b) કોઈ પણ વ્યક્તિ દ્વારા ટેગ વટાવવા અથવા સ્વીકારવા માટે ઈનકાર; (c) કોઈ પણ કમ્પ્યુટર પ્રણાલીનો બગાડ; (d) ટેગ મેમ્બર દ્વારા એચડીએફસી બેન્કનાં સંકુલો અથવા કોઈ પણ કિયોસ્ક ખાતે એચડીએફસી બેન્કના નિયુક્ત કર્મચારીઓ સિવાયના કોઈને પણ ટેગ મેમ્બર દ્વારા ટેગ હસ્તક સોંપવું; (e) સહભાગી ટોલ પ્લાઝાના ઓપરેટરો દ્વારા જાળવવામાં આવતા સર્વમાં સમાવિષ્ટ ડેટાનું નુકસાન; અને/ અથવા (f) ટેગને ટેગ મેમ્બર દ્વારા પહોંચ અને/ અથવા ઉપયોગમાં કોઈ પણ અવરોધ અથવા બંધ પડવું.

12. શુલ્ક

12.1 એચડીએફસી બેન્ક ટેગ જારી અને ઉપયોગ માટે લાગુ શુલ્ક સંબંધમાં, સમયાંતરે તેને અનુકૂળ લાગી શકે તે મુજબ આવા ડિસ્કાઉન્ટ્સ અને ઓફર્સ પૂરી પાડી શકે છે, જે સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા નિર્ધારિત કરાઈ શકે તે મુજબ આવા નિયમો અને શરતોને આધીન હોઈ શકે છે.

12.2 ટેગના ઉપયોગના પરિણામે ચૂકવવાપાત્ર કોઈ પણ સરકારી શુલ્ક, ડ્યુટી, ડેબિટ્સ અથવા કર ટેગ મેમ્બર દ્વારા જ ભોગવવામાં આવશે અને જો તે એચડીએફસી બેન્ક પર લદાય (પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ) તો

ટેગ મેમ્બર સંમતિ અને પહોંચ આપે છે કે એચડીએફસી બેન્ક આવા શુલ્ક, ડ્યુટી, ડેબિટ્સ અથવા કર ઉપલબ્ધ ટેગ બેલેન્સમાંથી કાપી લેવા માટે હકદાર રહેશે.

12.3 એચડીએફસી બેન્ક ટેગના ઉફયોગ માટે યોગ્ય સેવા અને અન્ય શુલ્ક લાગુ કરવા માટે હકદાર રહેશે, જે શુલ્ક વિશે એચડીએફસી બેન્ક દ્વારા ટેગ મેમ્બરને સમયાંચરે સૂચિત કરાશે. ટેગ મેમ્બર અત્રે એચડીએફસી બેન્કને ઉપલબ્ધ ટેગ બેલેન્સમાંથી કાપીના આવા બધા શુલ્ક આવરી લેવા માટે અધિકૃતિ આપે છે. જો ટેગ બેલેન્સ ઉક્ત ઉલ્લેખિત કોઈ પણ ફી અને/ અથવા શુલ્ક કાપી લેવા માટે પૂરતી નહીં હોય તો એચડીએફસી બેન્ક સુસંગત ટેગ મેમ્બર પાસેથી તે વસૂલ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને સુસંગત ટેગ પર કોઈ પણ વધુ લેણદેણ કરવાનો નકાર કરે છે.

13. વિખવાદો

13.1 ટેગ મેમ્બર આવી લેણદેણમાં કોઈ પણ અનિયમિતતા અથવા ખામીઓ જણાય અથવા જો આવા ટેગ મેમ્બરને લેણદેણ સંબંધમાં કોઈ પણ મૂંઝવણ અથવા ફરિયાદ હોય તો કોઈ પણ લેણદેણ ઉદભવ્યાના 15 (પંદર) દિવસમાં વેબસાઈટ www.hdfcbank.com/fastag.com પર ઉલ્લેખ અનુસાર કસ્ટમર કેર નંબરનો સંપર્ક કરીને એચડીએફસી બેન્કને માહિતગાર કરશે. જો એચડીએફસી બેન્કને કોઈ પણ લેણદેણ ઉદભવવાના 15 (પંદર) દિવસની અંદર કોઈ પણ માહિતી પ્રાપ્ત નહીં થાય તો સુસંગર લેણદેણ(ણો) કોઈ પણ ખામીઓ વિના અમલી બની છે એવું ધારવા માટે હકદાર રહેશે.

13.2 એચડીએફસી બેન્ક આવા નિયમો અને શરતોની દ્રષ્ટિએ ટેગ મેમ્બર દ્વારા ઉપસ્થિત કોઈ પણ ફરિયાદો/ મૂંઝવણોની તપાસ અને પ્રતિસાદ એચડીએફસી બેન્ક કરી શકે તે માટે ટેગ મેમ્બરે આ સંબંધમાં એચડીએફસી બેન્ક દ્વારા આવશ્યક હોઈ શકે તે મુજબ સર્વ આવી માહિતી અને દસ્તાવેજો એચડીએફસી બેન્કને પૂરા પાડવાનું આવશ્યક રહેશે.

13.3 એચડીએફસી બેન્ક ટેગ મેમ્બર દ્વારા કસ્ટમર કેરને આવી ફરિયાદ/ મૂંઝવણની જાણકારીની પ્રાપ્તિના 15 (પંદર) દિવસમાં કોઈ પણ લેણદેણ સંબંધમાં ત્ર્યસ્ત ટેગ મેમ્બરની ફરિયાદો/ મૂંઝવણોનો ઉકેલ લાવવા યોગ્ય અને ઉચિત પ્રયાસ કરશે. આવા પ્રયાસ પછી જો એચડીએફસી બેન્ક એવું નક્કી કરે કે સંબંધિત લેણદેણ અચૂક અને પ્રમાણિત છે તો તે સેલ્સ સ્લિપ અથવા પેમેન્ટ રસીદની નકલ સહિત તે સંબંધમાં સ્પષ્ટતા સાથે લેખિતમાં ટેગ મેમ્બરને તે વિશે જાણકારી આપશે.

13.4 કૃપા કરી ધ્યાનમાં રાખો કે એચડીએફસી બેન્ક તેના ગ્રાહકો પાસેથી કોઈ પણ ગોપનીય માહિતી માગતી નથી અને તેથી ટેગ મેમ્બર/રોએ પાસવર્ડ, યુઝર- આઈડી વગેરેને મર્યાદિત નહીં પરંતુ તેના સહિત ગોપનીય પ્રકારની કોઈ પણ માહિતી તે પૂછનાર કોઈ પણ વ્યક્તિ સહિત કોઈને પણ આપશે નહીં.

13.5 ટેગ મેમ્બર સંમતિ અને પહોંચ આપે છે કે ટેગ મેમ્બર દ્વારા ઉપસ્થિત વિખવાદોની પતાવટ સંબંધમાં પુરાવા તરીકે કામ કરવા *સાથોસાથ*ના હેતુ માટે સહભાગી ટોલ પ્લાઝા ખાતે ઈમેજ મઢી લેતા કેમેરા ગોઠવશે.

13.6 અમારી ફરિયાદની પ્રક્રિયા સંબંધમાં સંપૂર્ણ વિગતો માટે કૃપા કરી એચડીએફસી બેન્કની વેબસાઈટ જુઓ. કૃપા કરીને ધ્યાનમાં રાખો કે કસ્ટમર કેર નંબરો સમયાંતરે એચડીએફસી બેન્કની વેબસાઈટ પર અપડેટ કરાશે.

14. ડિસ્ક્લોઝર્સ

14.1 ટેગ મેમ્બરો અત્રે અફર રીતે એચડીએફસી બેન્કને તેના દ્વારા જરૂરી જણાઈ શકે તે મુજબ તેની શાખાઓ, સબસિડિયરીઓ, સંલગ્નિતો, પ્રતિનિધિઓ, ઓડિટરો, સબ- કોન્ટ્રાક્ટરો, સેવા પ્રદાતાઓ, અન્ય બેન્કો/ નાણાકીય સંસ્થા, ક્રેડિટ બ્યુરો અને સરકારી પ્રશાસનોને અને વચ્ચે ચુકવણીના ઈતિહાસની માહિતી

સાથોસાથ ટેગ મેમ્બરો સંબંધમાં કોઈ પણ માહિતી જાહેર, આદાનપ્રદાન, આપવા અથવા ધરવા માટે અધિકૃતિ આપે છે, અને એચડીએફસી બેન્ક કે ઉક્ત ઉલ્લેખિત સંસ્થાઓ આવી માહિતીના ઉપયોગ માટે ઉત્તરદાયી નહીં રહેશે.

15. શાસિત કાયદા અને ન્યાયસીમા

15.1 આ નિયમો અને શરતોનું બંધારણ અને પ્રમાણિતતા ભારતના કાયદાઓ દ્વારા સર્વ સંબંધમાં શાસિત રહેશે. એચડીએફસી બેન્ક અને ટેગ મેમ્બર સંમતિ આપે છે કે આ નિયમો અને શરતોમાંથી ઉદભવનાર કોઈ પણ કાનૂની પગલાં અથવા કાર્યવાહીઓ મુંબઈ ખાતે કોર્ટો અથવા ટ્રિબ્યુનલ સમક્ષ લાવવામાં આવશે અને અફર રીતે પોતાને તે કોર્ટ અથવા ટ્રિબ્યુનલની ન્યાયસીમાને હવાલે કરશે. એચડીએફસી બેન્ક જોકે તેની સંપૂર્ણ મરજીથી કોઈ પણ અન્ય કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા અન્ય યોગ્ય ફોરમમાં આ નિયમો અને શરતોમાંથી ઉદભવનાર કોઈ પણ કાનૂની પગલાં અથવા કાર્યવાહીઓ શરૂ કરવાનું પસંદ કરી શકે છે અને ટેગ મેમ્બર અત્રે આવી ન્યાયસીમાને સંમતિ આપે છે અને અસુવિધાજનક ફોરમમાં લાવવામાં આવેલાં કોઈ પણ કાનૂની પગલાં અથવા કાર્યવાહીઓ માટે આવાં કોઈ પણ કાનૂની પગલાં અથવા કાર્યવાહીઓ અને દાવાઓનું સ્થળ નિર્ધારિત કરવા સામે હાલમાં અથવા ભવિષ્યમાં હોઈ શકે તે કોઈ પણ વાંધા માફ કરશે.

16. ફેરફારની સૂચના

16.1 એચડીએફસી બેન્ક તેની સંપૂર્ણ મુનસફીથી કોઈ પણ સમયે (a) આ કોઈ પણ નિયમો અને શરતો સુધારી અથવા વધારી શકે છે; અને/ અથવા (b) ટેગ સંબંધમાં શુલ્ક અથવા દરને અસર કરતા ફેરફારો અને/ અથવા શુલ્કની ગણતરીની પદ્ધતિને અસર કરતા ફેરફારને મર્યાદિત નહીં પણ તેના સહિત ટેગ પર ઓફક કરાતી કોઈ પણ વિશિષ્ટતા અને/ અથવા લાભમાં ફેરફાર. એચડીએફસી બેન્ક સુધારિત નિયમો અને શરતો, ટેગની વિશિષ્ટતાઓમાં કરાયેલી ફેરફાર અને ટેગ સંબંધમાં સુધારિત વ્યાજ, શુલ્ક તથા દરોમાં ફેરફાર અંગે એચડીએફસી બેન્કની વેબસાઈટ પર તે મૂકીને અથવા સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા નક્કી કરાઈ શકે તે અનુસાર કોઈ અન્ય રીતે જાણકારી આપશે. ટેગ મેમ્બર એચડીએફસી બેન્કની વેબસાઈટ પર મૂકવામાં આવી શકે તે કોઈ પણ સુધારણા સહિત વર્તમાન નિયમો અને શરતોની નિયમિત સમીક્ષા કરવા માટે જવાબદાર રહેશે અને ટેગનો ઉપયોગ કરવાનું ચાલુ રાખીને સુધારિત નિયમો અને શરતો સ્વીકાર્યા છે એવું ધારવામાં આવશે.

17. સેટ-ઓફફ અને પૂર્વાધિકાર

17.1 આ નિયમો અને શરતો અથવા કોઈ પણ અન્ય વ્યવસ્થામાં સમાવિષ્ટ કશું પણ હોય તેથી વિપરીત: (a) કોઈ પણ ટેગ મેમ્બરની એચડીએફસી બેન્ક પ્રત્યે વર્તમાન અથવા ભાવિ લાયેબિલિટીઓ, આ દસ્તાવેજ હેઠળ અથવા કોઈ અન્ય જવાબદારી/ લોન/ સુવિધાઓ/ ઋણ/ દસ્તાવેજ હેઠળ હોય, આવી લાયેબિલિટીઓ ક્રિસ્ટલાઈઝ્ડ, વાસ્તવિક કે આકસ્મિક, પ્રાથમિક કે કોલેટરલ કે અન્યો સાથે અનેકતામાં અથવા સંયુક્ત રીતે હોય, પ્રિન્સિપલ ડેબ્ટર અને/ અથવા ગેરન્ટર તરીકે અને/ અથવા અન્યથા કોઈ પણ રીતે (એકત્રિત રીતે લાયેબિલિટીઓ) હોય તે ઓછી પડતી હોય તો એચડીએફસી બેન્ક બેન્કર તરીકે કોઈ પણ સામાન્ય પૂર્વાધિકાર અથવા આવા અધિકાર ઉપરાંત સાગુ કાયદા, વ્યવહાર, રસમ અથવા અન્યથા દ્વારા, સર્વ ટેગ મેમ્બરના વર્તમાન અને ભાવિ શેરો, સ્ટોક, સિક્યુરિટીઓ. મિલકતો, બુક ડેબ્ટ્સ, વર્તમાન, સેવિંગ્સ, ઓવરડ્રાફ્ટ, ફિક્સ્ડ કે અન્ય ડિપોઝિટ્સ સહિત સર્વ અકાઉન્ટમાં સર્વ નાણાં, જે હાલમાં અથવા ભવિષ્યમાં એચડીએફસી બેન્ક પાસે કસ્ટડી, કાનૂની અથવા બંધારાણાત્મકતા સાથે અથવા તેમાં ધરાવાતી હો, જે કોઈ પણ બેન્કિંગ સંબંધ, સેફ કસ્ટડી, કલેકશન અથવા અયથા હોય તેની પર હક ધરાવી શકે છે,

અને (b) અલગ રીતે એચડીએફસી બેન્કને ટેગ મેમ્બરને સૂચના આપ્યા વિના અને સંમતિ વિના, તથાકથિત અનુસાર કોઈ પણ લાયેબિલિટીઓ સંબંધમાં કોઈ પણ લેણાં પ્રાપ્ત કરવા અથવા તેની સામે (કોઈ પણ વિગતવાર લાયેબિલિટી માટે તારવવામાં આવી હોય કે નહીં હોય) સર્વ અકાઉન્ટ્સ (એચડીએફસી બેન્કની મરજી અનુસાર અપરિપક્વ કે મેચ્યુરિટી પર), સિક્યુરિટીઝ, રકમ અને મિલકત એમ સર્વ ખાતે આવી સર્વ રકમ સેટ-ઓફ્ફ, ટ્રાન્સફર, વેચાણ, પ્રાપ્ત, સમાયોજિત, વિનિયોજન કરી શકે છે અને ટેગ મેમ્બરના સર્વ અથવા કોઈ પણ અકાઉન્ટ્સ એખત્રિત અથવા દ્રઢ કરી શકે અને કોઈ પણ નાણાં સેટ-ઓફ્ફ કરી શકે, પછી તે સમાન પ્રકારના હોય કે નહીં હોય અને તે જ ક્ષમતામાં હોય કે નહીં હોય, પરંતુ તેમાં આવા દસ્તાવેજોની દ્રષ્ટિએ કોઈ પણ લાયેબિલિટીઓનો કોઈ પણ હિસ્સાની ચુકવણીમાં કોઈ પણ કસૂ સહિત સમાન ક્ષમતામાં ધરાવાતી હોય કે નહીં હોય. ટેગ મેમ્બર સંમતિ અને સમર્થન આપે છે કે એચડીએફસી બેન્ક તેને અનુકૂળ લાગી શકે તે અનુસાર ઈટીસી સુવિધાની જોગવાઈ માટે આવા થર્ડ પાર્ટી કોન્ટ્રાક્ટર(રો)/ સેવા પ્રદાતાઓનો ઉપયોગ કરી શકે છે.

17.2 ટેગ મેમ્બર સંમતિ અને સમર્થન આપે છે કે એચડીએફસી બેન્ક ઈટીસી સુવિધાની જોગવાઈ માટે આવા થર્ડ પાર્ટી કોન્ટ્રાક્ટર(રો)/ સેવા પ્રદાતાઓનો ઉપયોગ તેને અનુકૂળ લાગે તે રીતે કરી શકે છે.

ઘોષણા

હું/ અમે અત્રે અફર અને બિનશરતી રીતે ઘોષિત, સમર્થન અને સંમતિ આપીએ છીએ કેઃ

1. મેં/ અમે પ્રોડક્ટના પત્રકમાં આપવામાં આવ્યા મુજબ ઈટીસી સુવિધાને લાગુ અનુસાર નિયમો અને શરતો અને શુલ્કની સમયસૂચિ કાળજીપૂર્વક વાંચ્યું છે (જે મેં10/અમે સંપૂર્ણ સમજ લીધું છે) અને અત્રે તેને સંમતિ, બાંયધરી અને સ્વીકૃતિ આપીએ છીએ. હું/ અમે અત્રે સમર્થન આપીએ છીએ કે ટેગ એપ્લિકેશન મારા/ અમારા દ્વારા ભરવામાં આવી છે. હું/ અમે સમજીએ છીએ કે એચડીએફસી બેન્ક ટેગને લાગુ નિયમો અને શરતો અને શુલ્કની સમયસૂચિમાં કોઈ પણ ફેરફાર/ અપડેટ્સ સમયાંતરે www.HDFCbank.com પર અપડેટ કરાશે તે સમજીએ છીએ અને હું/ અમે સંમતિ અને બાંયધરી આપીએ છીએ કે હું/અમે આ નિયમો અને શરતો તેમ જ શુલ્કની સમયસૂચિમાં કોઈ પણ આવા ફેરફાર/ અપડેટ્સ વિશે પોતાને/અમે અવગત રાખીશું.

2. ટેગ એપ્લિકેશનમાં પૂરી પાડવામાં આવેલી સર્વ વિગતો અને માહિતી (તેમાં સંદર્ભિત અથવા પૂરી પાડવામાં આવેલા બધા દસ્તાવેજો સહિત) સર્વ સંબંધમાં સાચા, અચૂક, પૂર્ણ અને અપ-ટુ-ડેટ છે અને મેં/અમે કોઈ પણ માહિતી છુપાવી નથી. હું/ અમે ટેગ એપ્લિકેશનમાં મારા/ અમારા દ્વારા પૂરી પાડવામાં આવેલી કોઈ પણ માહિતીમાં કોઈ પણ ફેરફાર સંબંધમાં તુરંત એચડીએફસી બેન્કને જાણકારી આપીશું. હું/ અમે સંમતિ અને બાંયધરી આપીએ છીએ કે સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા આવશ્યક હોઈ શકે તે આવી બધી વધુ માહિતી પૂરી પાડીશું.

3. હું/ અમે સમજીએ છીએ કે એચડીએફસી બેન્ક કોઈ પણ કારણ આપ્યા વિના મારી/ અમારી ટેગ એપ્લિકેશન નકારવાના અબાધિત અપાત્ર અધિકાર ધરાવે છે. હું/અમે સંમત અને સમજીએ છીએ કે એચડીએફસી બેન્ક મારી/ અમારી ટેગ એપ્લિકેશન જાળવવાનો અને તેની સાથે પૂરા પાડવામાં આવેલા બધા દસ્તાવેજો જાળવી રાખવાનો અબાધિત અધિકાર ધરાવે છે. હું/અમે વાકેફ છે/ છીએ કે સંપૂર્ણ ટેગ એપ્લિકેશન સુપરત કરવાથી આ ઘોષણા અને એચડીએફસી બેન્કને આવશ્યક હોઈ શકે તે સર્વ અન્ય દસ્તાવેજો/ માહિતી ઈટીસી સુવિધાની જોગવાઈ માટે એચડીએફસી બેન્ક દ્વારા મંજૂર હોવાનું આપોઆપ

અથવા તેવું માનવામાં પરિણમશે નહીં, જેની જોગવાઈ એચડીએફસી બેન્કની એકમેવ મરજી પર આધાર રાખશે. હું/ અમે મારી/ અમારી ટેગ એપ્લિકેશન એચડીએફસી બેન્ક દ્વારા નકારવાને લીધે મને/અમને થનાર કોઈ પણ નુકસાન, હાનિ કે વિલંબ માટે એચડીએફસી બેન્કને ઉત્તરદાયી નહીં ધરીશું. એચડીએફસી બેન્કનો નિર્ણય આ સંબંધમાં આખરી રહેશે.

4. હું/ અમે એચડીએફસી બેન્ક અથવા તેના એજન્ટોને મારી/ અમારી ટેગ એપ્લિકેશનમાં પૂરી પાડવામાં આવેલી કોઈ પણ માહિતી સંબંધમાં એચડીએફસી બેન્ક દ્વારા જરૂરી માનવામાં આવી શકે તે સર્વ સંદર્ભો અને પૂછપરછ કરવાની અધિકૃતિ આપીએ છીએ અને હું/અમે આ સંબંધમાં સંપૂર્ણ સહકાર આપવાની સંમતિ અને બાંયધરી આપીએ છીએ.

5. હું/ અમે એચડીએફસી બેન્કને મારી/ અમારી ટેગ એપ્લિકેશનમાં સંબંધિત બધી માહિતી, ડેટા અથવા દસ્તાવેજો તેની સમૂહની અન્ય કંપનીઓ, અન્ય બેન્કો, નાણાકીય સંસ્થાઓ, ક્રેડિટ બ્યુરો, એજન્સીઓ, સરકારી પ્રશાસન અથવા એચડીએફસી બેન્કને જરૂરી અથવા યોગ્ય લાગી શકે તેવી આવી અન્ય વ્યક્તિઓને આવી વ્યક્તિઓ દ્વારા કથિત માહિતી/ ડેટા પ્રક્રિયા કરવા માટે અથવા અન્યથા કોઈ અન્ય ઉપયોગ/ હેતુ માટે આદાનપ્રદાન, આપવા અથવા હિસ્સામાં આપવા અધિકૃતિ આપીએ છીએ અને હું/અમે એચડીએફસી બેન્ક અથવા આવી થર્ડ પાર્ટીઓ દ્વારા આવી માહિતીનો ઉપયોગ/ આદાનપ્રદાન કરવા માટે એચડીએફસી બેન્કને ઉત્તરદાયી નહીં ગણીશું.

6. હું/ અમે એચડીએફસી બેન્કને બિનશરતી અને અફર રીતે નિયમો અને શરતો તેમ જ ટેગ બેલેન્સમાંથી શુલ્કની સમયસૂચિ અનુસાર ટેગ સંબંધમાં અમારા દ્વારા ચૂકવવાપાત્ર બની શકે તે કોઈ પણ અને બધી રકમ કાપી લેવાની અધિકૃતિ આપીએ છીએ.

7. હું અત્રે અકાઉન્ટ આધારિત સંબંધ શરૂ કરવાના હેતુથી મારા અન્ય કેવાયસી દસ્તાવેજો સાથે એચડીએફસી બેન્કને ભારત સરકાર દ્વારા જારી આધાર નંબર મારી પોતાની મરજીથી સ્વૈચ્છિક રીતે આપું છું અને યુઆઈડીએઆઈ પાસે ખરાઈના હેતુથી મારી આધારની વિગતોનો ઉપયોગ કરવા મારી સંમતિ સ્વૈચ્છિક રીતે આપું છું. હું તમારી નોંધ માટે મારી યોગ્ય સ્વ- પ્રમાણિત આધાર કાર્ડ/ ઈ-આધારની નકલ જોડી રહ્યો છું. મારા દ્વારા સ્વૈચ્છિક રીતે આપવામાં આવેલી આધાર કાર્ડની વિગતો સાચી, અચૂક અને સંપૂર્ણ છે.

8. હું/ અમે અત્રે સંમતિ અને બાંયધરી આપીએ છીએ કે મને/ અમને જારી ફાસ્ટેગ સંબંધમાં કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સમયાંતરે એચડીએફસી બેન્ક દ્વારા જારી કરાઈ શકે તે બધા નિયમો અને માર્ગદર્શિકાઓનું પાલન કરીશું.

9. હું/અમે અરજીની પ્રક્રિયા કરવા માટે અત્રે એચડીએફસી બેન્કને માર્ગ પરિવહન મંત્રાલય (એમઓઆરટી) વાહન પોર્ટલ સાથે વાહનનો નંબર આદાનપ્રદાન કરવા અને વાહન પોર્ટલ પર વાહન નંબર સાથે સંકળાયેલી માહિતી ભેગી અને ઉપયોગ કરવાની અધિકૃતિ આપીએ છીએ.

10. હું/ અમે એચડીએફસી બેન્કને અરજીમાં મારા/ અમારા દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતો અનુસાર ફાસ્ટેગ વોલેટ નિર્માણ કરવા અને બીડાણ-1માં એનપીસીઆઈ વેહિકલ ક્લાસ દ્વારા વર્ગીકૃત વાહનના વર્ગ અનુસાર વાહનને ફાસ્ટેગ જારી કરવા અધિકૃતિ આપીએ છીએ.

11. હું/ અમે એચડીએફસી બેન્કને અરજીમાં મારા/ અમારા દ્વારા સુપરત વિગતો અનુસાર વ્યક્તિગત અને/ અથવા કમર્શિયલ ઉપયોગ માટે વોલેટ નિર્માણ કરવા અધિકૃતિ આપીએ છીએ.

12. હું/ અમે અત્રે એચડીએફસી બેન્કને મારા ક્રેડિટ કાર્ડ અથવા ડેબિટ કાર્ડ અથવા અકાઉન્ટ (લાગુ અનુસાર)માંથી લાગુ શુલ્ક કાપી લેવા અધિકૃતિ આપીએ છીએ.

13. હું /અમે એચડીએફસી બેન્કને વાહનનો નંબર, જારી ચટેગ અને મોજૂદ ટેગ (જો કોઈ હોય તો)નો ટેગ નં., વાહનનો વર્ગ અને નકશો ટેગ નોંધણી અને જો કોઇ હોય તો મોજૂદ ટેગની ખરાઈ માટે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) સાથે આદાનપ્રદાન કરવાની અધિકૃતિ આપીએ છીએ.

બીડાણ-1

એચડીએફસી બેન્ગ ટેગ પર લાગુ શુલ્ક નીચે મુજબ છેઃ

ફી અને શુલ્ક**

વિવરણ	રકમ (રૂ.)
ટેગ જોડાવાની ફી (વન-ટાઈમ ફી)	₹100

વન-ટાઈમ સિક્યુરિટી ડિપોઝિટની રકમ **

એનપીસીઆઈ વાહનનો વર્ગ	વિવરણ	સિક્યુરિટી ડિપોઝિટ (રૂ.માં)	થ્રેસહોલ્ડ રકમ (રૂ.માં)
4	કાર/ જીપ/ વેન/ ટાટા એસ અને આવા જ મિની લાઈટ કમર્શિયલ વાહન	100	1
5	હલકા કમર્શિયલ વાહન 2- એક્સેલ	300	200
7	બસ 2 એક્સેલ/ મિની બસ, ટ્રક 2 એક્સેલ	400	500
6	બસ- 3 એક્સેલ	400	500
6	ટ્રક- 3 એક્સેલ	500	500
12	ટ્રેક્ટર/ ટ્રેલર સાથે ટ્રેક્ટર, ટ્રક 4, 5 અને 6 - એક્સેલ	500	500
15	ટ્રક 7- એક્સેલ અને વધુ	500	500
16	અર્થમુવિંગ/ ભારે બાંધકામ યંત્ર	500	500

**કૃપા કરી ધ્યાનમાં રાખોઃ

1. ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ સમયાંતરે લાગુ થય તે શુલ્ક પર વસૂલ કરાશે.
2. કન્વિનિયન્સ ફી ઓનલાઈન રિચાર્જ માટે લાગુ કરાઈ શકે છે.
3. ઉક્ત ઉલ્લેખિત શુલ્ક ફેરફારને આધીન છે. નવીનતમ ફી અને શુલ્ક માટે વિઝિટ કરોઃ https://v.hdfcbank.com/htdocs/common/fastag/feescharges.html.

નોંધઃ

1. ઉક્ત ઉલ્લેખિત ટેગ ડિપોઝિટ દરો વાહનના વર્ગને આધારે લાગુ થશે અને નીચે આપેલા અપવાદોને આધીન ઉક્ત ફકરા 8.5 અનુસાર ટેગની નિષ્ક્રિયતાને સમયે તમને રિફંડેબલ રહેશે.

2. ઉક્ત ઉલ્લેખિત ટેગ ડિપોઝિટ નિમ્નલિખિત સંજોગોમાં રિફંડેબલ રહેશેઃ (i) સુસંગત ટેગ મેમ્બર એવી વ્યક્તિ હોય જેની સંપૂર્ણ નો- યોર કસ્ટમર તપાસ એચડીએફસી બેન્ક દ્વારા કરવામાં આવી હોય અથવા (ii) નકારાત્મક ટેગ બેલેન્સ મોજૂદ હોય.

અન્ય પ્રોડક્ટોના ક્રોસ- સેલ માટે સંમતિ

1. આ સંમતિમાં નિમ્નલિખિત મૂડીકૃત પરિભાષા અહીં તેમને આપેલો અર્થ ધરાવશેઃ

"**ડેટા**"નો અર્થ ગત પ્રોડક્ટો સંબંધમાં સહિત નિમ્નલિખિત સહિત મારા/ અમારા સંબંધમાં સર્વ અંગત ડેટા, સંવેદનશીલ અંગત ડેટા અથવા માહિતી, લેણદેણકીય ડેટા, ડેરિવેટિવ ડેટા, કોઈ પણ અન્ય માહિતી વગેરેઃ

(a) નો યોર કસ્ચમર (કેવા.સી)/ એન્ટી મની લોન્ડરિંગ (એએમએલ) ડેટા;
(b) કોઈ પણ પ્રોડક્ટ માટે બેન્કને કોઈ પણ અરજી અથવા વિનંતી કરવા સમય સુપરત કરવાની માહિતી;
(c) સંબંધ દરમિયાન અથવા તે સંબંધમાં કોઈ પણ લેણદેણ, નિવેદન, એન્ટ્રી, લોગ્સના પરિણામ સ્વરૂપે ઊપજાવવામાં આવેલો કોઈ પણ લેણદેણકીય ડેટા;
(d) કોઈ પણ અન્ય સ્રોતમાંથી બેન્ક દ્વારા પ્રાપ્ત/ મેળવેલી કોઈ પણ માહિતી;
(e) કોઈ પણ ડેરિવેટિવ ડેટા.

"**ડેરિવેટિવ ડેટા**"નો અર્થ કોઈ પણ અલ્ગોરીધમ, એનાલાઈટિક્સ, સોફ્ટવેર, ઓટોમેશન્સ, પ્રોફાઈલિંગ વગેરે થકી સહિત કોઈ પણ ક્રેડિટ સ્કોર, ક્રેડિટ માહિતી, વર્તનકીય વરતારો, પ્રોફાઈલિંગ, એનલાઈટિકલ પરિણામો, અહેવાલો (બેન્ક દ્વારા આંતરિક અથવા અન્ય વ્યક્તિઓ દ્વારા તૈયાર કરાયેલા) અને પછી આવા ડેરિવેટિવ મારી/ અમારી પાસેથી ભેગી કરાયેલી માહિતીમાંથી હોય અથવા કોઈ અન્ય વ્યક્તિ, ડેટાબેઝ અથવા સ્રોતમાંથી બેન્ક અથવા અન્ય વ્યક્તિઓ સ્રોત કરાયેલી કોઈ પણ અન્ય માહિતી સાથે સંયોજનમાં હોય. ઉક્ત કોઈ પણ પેટા- પ્રક્રિયાઓ/ પદ્ધતિઓ થકી અથવા સંકળાયેલો આવો ડેરિવેટિવ ડેટા તારવવાની અને ઊપજાવવાની પ્રક્રિયાને "**ડેરિવેશન**" તરીકે સંદર્ભિત કરાશે.

"**નિર્દિષ્ટ હેતુઓ**" નો એકત્રિત અર્થ, ધિરાણ આકલન, જોખમ આકલન, જોખમ વિશ્લેષણ, ક્રેડિટ માહિતીના અહેવાલો, સ્કોર્સ, સ્ક્રબ્સ પ્રાપ્ત કરવા, ઠગાઈ અંગે તપાસ, ઠગાઈની શોધ, ઠગાઈ પ્રતિબંધ, ક્રાઈમ/ ટેરર ફન્ડિંગ સહિત ગુનાની શોધ અને પ્રતિબંધ, ગેરરીતિઓ અથવા ચેડાં કરેલા દસ્તાવેજો અથવા માહિતીની શોધ, દુરુપયોગ પર પ્રતિબંધ, ધિરાણ મૂલ્યનું આકલન, નાણાકીય સ્થિતિ, યોગ્ય વિચારવિનિમય, પાર્શ્વભૂ તપાસ, પ્રત્યક્ષ અને અન્ય નિરીક્ષણો, ખરાઈ, ઉક્ત કોઈ પણ માટે કોઈ પણ અહેવાલો પ્રાપ્ત કરવા, કેવાયસી/ એએમએલ તપાસ, ગ્રાહક સેવા, દેખરેખ, વસૂલી, કસૂરની શોધ, કસૂર પર પ્રતિબંધ, કસૂરની તપાસ, વસૂલી, કોઈ પણ કાનૂની કાર્યવાહીઓ, પગલાં, પૂછપરછ, તપાસ, કોઈ પણ ઉપાયો અજમાવવા, અધિકારોનો અમલ, ક્રેડિટ રિપોર્ટિંગ સહિત રિપોર્ટિંગ, કેવાયસી રિપોર્ટિંગ, ડિફોલ્ટ રિપોર્ટિંગ, ફાઈલિંગ, પરફેકશન્સ વગેરે, પછી તે આમાંથી કોઈએ પણ આંતરિક રીતે હાથ ધર્યું હોય અથવા કોઈ પણ ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપની, બ્યુરો, પ્રદાતા, કન્સલ્ટન્ટ, વેન્ડર, એજન્ટ, ફિનટેક સંસ્થા, કો- બ્રાન્ડ સંસ્થા/ ભાગીદાર, વિતરક, સેલિંગ/ માર્કેટિંગ એજન્ટ, કોઈ પણ ભાગીદાર, અમે હિસ્સો હોઈએ તે કોઈ પણ ઈકોસિસ્ટમમાં અન્ય ખેલાડી/ મધ્યસ્થી, ટીપીએપી (જેમને માટે મે પીએસપી બેન્ક તરીકે કામ કરીએ છીએ), કોલેબોરેટર, સહ-

ધિરાણદાર, કો- ઓરિજિનેટર, મર્ચન્ટ, અગ્રેગેટર, લીડ જનરેટર અથવા સોર્સિંગ સંસ્થા, અસીલ, ગ્રાહક અથવા અમારું જોડાણ હોય તેવી અન્ય વ્યક્તિ અથવા કોઈ પણ પ્રોડક્ટો અથવા સેવાઓ માટે કોન્ટ્રાક્ટ, વ્યક્તિ અથવા ઘણા બધા વિકલ્પોના સંયોજન થકી. આવી દરેક ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપની, બ્યુરો, સેવા પ્રદાતા, કન્સલ્ટન્ટ, વેન્ડર, એજન્ટ, ફિનટેક સંસ્થા, કો- બ્રાન્ડ સંસ્થા/ ભાગીદાર, વ્યક્તિ અને તેમની સંબંધિત સેવા પ્રદાતાઓ, કન્સલ્ટન્ટો, વેન્ડરો વગેરેને "**પ્રોસેસિંગ એન્ટિટી**" તરીકે સંદર્ભિત કરાશે.

"**પ્રોડક્ટ(ક્ટ્સ)**"નો અર્થ બેન્ક/ તેની સબસિડિયરીઓ/ સંલગ્નિતોની પ્રોડક્ટો, સેવાઓ અને/ અથવા વેપાર અથવા જ્યાં બેન્ક/ તેની સબસિડિયરીઓ/ સંલગ્નિતો કોઈ પણ પ્રોડક્ટો અથવા સેવાઓ સંબંધમાં વિતરણ, સંદર્ભિત અથવા એજન્ટ તરીકે કામ કરે અથવા પ્રાયોજક બેન્ક અથવા પીએસપી બેન્ક વગેરે તરીકે કામ કરે (જ્યાં કોઈ પણ લેણદેણની પહેલ પ્રત્યક્ષ બેન્ક સાથે નહીં કરાઈ હોય, પરંતુ સુસંગત પ્રક્રિયા સંસ્થા સાથે કરાઈ હોય, જેમ કે, ટીપીએપી થકી યુપીઆઈ ટ્રાન્સફરના કિસ્સામાં, જ્યાં અકાઉન્ટ બેન્ક પાસે નથી હોતું પરંતુ પીએસપી બેન્ક પાસે હોય છે), પછી તે બેન્ક કોઈ પણ અન્ય મધ્યસ્થી/ સંસ્થા, સાથોસાથ મારા/ અમારા થકી પ્રત્યક્ષ સંબંધમાં અથવા અપ્રત્યક્ષ સંબંધમાં હોય, ઉપરાંત જો હું/ અમે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ, કોઈ પણ સેવાના બિન- વ્યક્તિગત અરજદાર/ ગ્રાહક/ ઉપભોક્તાના અધિકૃત સહીકર્તા અથવા અધિકૃત વ્યક્તિ અથવા પ્રતિનિધિ હોઈએ.

મારા/ અમારા દ્વારા જેને માટે વિનંતી/ અરજી કરાઈ હોય અથવા ઉપલબ્ધ કરાઈ હોય તે પ્રોડક્ટો (જ્યાં કોઈ પણ લેણદેણની પહેલ પ્રત્યક્ષ બેન્ક સાથે નહીં કરાઈ હોય, પરંતુ સુસંગત પ્રક્રિયા સંસ્થા સાથે કરાઈ હોય, જેમ કે, ટીપીએપી થકી યુપીઆઈ ટ્રાન્સફરના કિસ્સામાં, જ્યાં અકાઉન્ટ બેન્ક પાસે નથી હોતું પરંતુ પીએસપી બેન્ક પાસે હોય છે)ને "**રિક્વેસ્ટેડ પ્રોડક્ટ્સ**" કરીકે સંદર્ભિત કરાશે અને વિનંતી કરેલી પ્રોડક્ટો સિવાયની પ્રોડક્ટો (કોઈ પણ ભાવિ પ્રોડક્ટો અથવા સેવાઓ સહિત)ને "**અધર પ્રોડક્ટ્સ**" તરીકે સંદર્ભિત કરાશે.

2. મેં બેન્કની ગોપનીયતાની નીતિ વાંચી, સમજી છે અને અત્રે સ્વીકાર કરું છું (www.hdfcbank.com પર ઉપલબ્ધ).

3. હું/અમે અત્રે એચડીએફસી બેન્ક લિમિટેડને ("**બેન્ક**" જે અભિવ્યક્તિ તેની ઉત્તરાધિકારીઓ અને સોંપણીઓ તરીકે માનવામાં આવશે) અત્રે નિમ્નલિખિત માટે મંજૂરી આપીએ છીએઃ
    a. નિમ્નલિખિત કોઈ પણ નિર્દિષ્ટ હેતુઓ માટે ડેટા અથવા તેનો હિસ્સો પ્રક્રિયા સંસ્થાઓ સાથે પ્રક્રિયા, ઉપયોગ, સંગ્રહ, જાળવણી, આદાનપ્રદાન કરવુંઃ
        i. મારી અમારી પાત્રતા (પૂર્વ પાત્રતા સહિત), અનુકૂળતા અથવા ધિરાણ મૂલ્ય અને/ અથવા કોઈ પણ અન્ય પ્રોડક્ટોના પ્રોફાઈલિંગ માટે સમયાંતરે આકલન, પરીક્ષણ અને/ અથવા નિશ્ચિતીકરણ માટે;
        ii. તથાકથિત હેતુઓ સંબંધમાં કોઈ પણ ડેરિવેટિવ ડેટાનું ડેરિવેશન અને આદાનપ્રદાન (બેન્ક અને કોઈ પણ પ્રક્રિયા સંસ્થા વચ્ચે);
        iii. ઈમેઈલ, ટપાલી સરનામાં, ટેલિફોન, સોશિયલ મિડિયા, એપ્લિકેશન્સ/ ઈલેક્ટ્રોનિક

મંચો પર બેનરો, નોટિફિકેશન્સ, વેબસાઈટ, થર્ડ પાર્ટીઓ/ અન્ય વ્યક્તિઓનાં સંકુલો થકી સહિત ઠેકાણે સંપર્ક કરવો, સંપરક સ્થાપિત કરવો;

iv. તથાકથિત કોઈ પણ માટે કોઈ પણ એનલાઈટિક્સ, સ્વયંચાલિત પ્રક્રિયા, અલ્ગોરીધમ્સ, રોબોટિક્સ, પ્રોફાઈલિંગ, એન્ક્રિપ્શન્સ, કોડિંગ, એએનોનિમાઈઝેશન્સ વગેરે કામે લગાવવું.

b. બેન્ક દ્વારા મને/ અમને આંતરિક અથવા બહારી, માર્કેટિંગ, વેચાણ, ક્રોસ- સેલિંગ અંગે જાણકારી આપવા, પ્રદર્શિત અથવા સંદેશવ્યવહાર કરવા માટે, બેન્કના એપ/ મંચો, બેન્કની કોઈ પણ અન્ય ચેનલ(લો), ટીપીએપી, સેવા પ્રદાતાઓ, એજન્ટો થકી અથવા પર અથવા અન્યથા નોટિફિકેશન્સ, ઈમેઈલ અથવા સંદેશવ્યવહારનાં અન્ય માધ્યમો થકી અથવા પર, ઓનલાઈન અથવા ઓફલાઈન અથવા દૂરસંચાર થકી, ઉપલબ્ધતા અથવા પાત્રતા અથવા ઓફર, સૈદ્ધાંતિક રીતે અથવા અન્યથા, અન્ય કોઈ પણ પ્રોડક્ટની અને તે સંબંધમાં ઉક્ત 3 (a)ના (ii)થી (iv)માં ઉલ્લેખિત સર્વ અધિકૃતિઓના આ હેતુઓ માટે.

4. હું/ અમે પ્રક્રિયા સંસ્થાને તથાકથિત કોઈ પણ સંમત હેતુઓ માટે ડેટા અથવા તેનો હિસ્સો બેન્ક અથવા અન્ય પ્રક્રિયા સંસ્થાઓ અથવા અન્ય ડેટાબેઝીસ, સ્રોતો, વ્યક્તિઓ/ સંસ્થાઓ સાથે પ્રક્રિયા, ઉપયોગ, સંગ્રહ, જાળવણી, આદાનપ્રદાન કરવા પ્રક્રિયા સંસ્થાઓને અધિકૃતિ આપીએ છીએ.
5. હું/ અમે અત્રે બેન્કને માર્ગ પરિવહન મંત્રાલય (એમઓઆરટી) વાહન પોર્ટલ સાથે વાહન નંબર આદાનપ્રદાન કરવા અને વીમો અને તેના ફાઈનાન્સિંગ જેવી અન્ય પ્રોડક્ટો ઓફર કરવા માટે વાહન પોર્ટલ પર વાહન નંબર સાથે સંકળાયેલી માહિતી ભેગી અને ઉપયોગ કરવા અધિકૃતિ આપીએ છીએ.
6. તથાકથિત સંમતિઓ અને અધિકૃતિઓના હેતુથી એવું માનવામાં આવશે કે હું/ અમે આ સંમતિ હેઠળ સર્વ ડેટા અલગથી આપ્યો છે.
7. હું/ અમે સંમતિ આપીએ છીએ કે તથાકથિત હેતુઓ માટે તથાકથિત સંમતિઓ/ અધિકૃતિઓ આવી અરજીની મર્યાદા/ પ્રોડક્ટની મુદત/ કોઈ પણ લેણદેણના ઉપયોગની પાર હયાત રહેશે.
8. આ દસ્તાવેજ હેઠળ અપાયેલી અથવા નકારાયેલી સંમતિ પ્રાપ્ત અથવા અપાયેલી કોઈ પણ અન્ય સંમતિને મર્યાદિત નથી.

અસ્વીકારઃ ઉક્ત દસ્તાવેજ મૂળ અંગ્રેજી આવૃત્તિનું ભાષાંતર છે. જો મુદ્દા સંબંધમાં કોઈ પણ ખામી હોય તો અંગ્રેજી આવૃત્તિ સર્વોપરી રહેશે. કોઈ પણ મૂંઝવણ માટે કૃપા કરી તમારી સ્થાનિક એચડીએફસી બેન્ક શાખાનો સંપર્ક કરો.